વિષય : ગુજરાતી　　　ધોરણ : 7　　　સત્ર : 1

# એકમ કસોટી

## 4. બે ખાનાંનો પરિગ્રહ　　　જવાબવહી

**પ્રશ્ન-1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

**(1) બાપુએ વિમાનમાં જવાની ના કેમ પાડી ?**

**ઉત્તર** : ગાંધીજી ભારતના સ્વભાવને સારી રીતે જાણતા હતા. તેમને દેશની ગરીબી વિશે સાચી સમજ હતી. બાપુને વાઇસરૉયને મળવા જવાનું હતું ત્યારે વાઇસરૉયે જ તેમને ઍરોપ્લેનની સુવિધા આપવાની વાત કરી હતી, પરંતુ જે વાહનમાં કરોડો ગરીબો મુસાફરી ન કરી શકે તેમાં પોતાનાથી બેસી શકાય નહિ, એમ માનીને બાપુએ વિમાનમાં જવાની ના પાડી હતા.

**(2) મનુબહેને બાપુ માટે આગગાડીમાં બે ખાનાંનો ડબ્બો શા માટે પસંદ કર્યો ?**

**ઉત્તર** : આઝાદી પૂર્વે ગાંધીજી લોકનાયક બની ચૂક્યા હતા. તેમની લોકપ્રિયતા અને તેમનામાં લોકોને ખૂબ જ શ્રદ્ધા હતી. મનુબહેનને થયું કે જો એક જ ખાનાંવાળો ડબ્બો પસંદ કરીશ તો બાપુને લોકો સ્ટેશને-સ્ટેશને મળવા આવશે. વળી બાપુને વાંચવા, લખવા અને રેંટિયો કાંતવા માટે એક ખાનાવાળો ડબ્બો લેતાં ઘણી અગવડ પડશે, તેથી મનુબહેને વિચાર્યું કે એક ડબ્બો બાપુ માટે અને બીજા ડબ્બામાં બાપુનો સામાન સચવાઈ રહે, તે માટે તેમણે બે ખાનાંનો ડબ્બો પસંદ કર્યો.

**(3) બાપુએ મનુબહેનને શા માટે ઠપકો આપ્યો ?**

**ઉત્તર** : બાપુને વાઇસરૉયને મળવા દિલ્લી જવાનું હતું. બાપુએ મનુબહેનને પહેલેથી જ ઓછામાં ઓછો સામાન રહે તેવો રેલગાડીનો નાનામાં નાનો ત્રીજા વર્ગનો ડબ્બો પસંદ કરવા કહ્યું હતું પણ મનુબહેને બાપુને અગવડ ના પડે તે માટે બે ખાનાંવાળો ડબ્બો પસંદ કર્યો. ગાંધીજી જરૂરિયાત કરતાં વધુ વાપરવાને હિંસા ગણતા હતા, તેથી બાપુએ મનુબહેનને ઠપકો આપ્યો.

**(4) લેખિકાની ભૂલનું પ્રાયશ્ચિત કરવા બાપુએ શું કરવા સૂચવ્યું ?**

**ઉત્તર** : લેખિકાની ભૂલનું પ્રાયશ્ચિત કરવા આગળના સ્ટેશને ડબ્બાનું બીજું ખાનું ખાલી કરવા લેખિકાને જણાવ્યું અને સ્ટેશન માસ્તરને કહ્યું કે જે મુસાફરો ટ્રેનમાં લટકી રહ્યા છે તેમને તે ડબ્બાનું ખાનું આપો.

વિષય : ગુજરાતી　　　　ધોરણ : 7　　　　સત્ર : 1

# એકમ કસોટી

## 4. બે ખાનાંનો પરિગ્રહ　　　　જવાબવહી

### પ્રશ્ન-2. નીચે આપેલા શબ્દોની જોડણી સુધારીને ફરીથી લખો.

(1) દૂરૂપયોગ – **દુરુપયોગ**

(2) પ્રાયચિત – **પ્રાયશ્ચિત**

(3) ગીરદી – **ગિરદી**

(4) પુજય – **પૂજ્ય**

### પ્રશ્ન-3. નીચે આપેલા વિરુદ્ધાર્થી શબ્દો લખો.

(1) સગવડ × **અગવડ**

(2) અસહ્ય × **સહ્ય**

(3) પસંદ × **નાપસંદ**

(4) ગરીબ × **શ્રીમંત**

### પ્રશ્ન-4. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

(1) જરૂરી ન હોય તેવું વાપરવા માટે ભેગું કરવું તે – **પરિગ્રહ**

(2) ઘરના જેવી સગવડોવાળો રેલગાડીનો ખાસ ડબ્બો – **સલૂન**

(3) કરેલી ભૂલનો મનમાં પડેલો ડંખ દૂર કરવા જે કરીએ તે – **પ્રાયશ્ચિત**

(4) કોઈની પણ હિંસા ન કરવી તે – **અહિંસા**